રાજ્યમાં આવેલ તમામ બોર્ડની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય અંગે સૂચના પ્રસિદ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૭/૦૧/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૪/૦૭/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/ક

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૭/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/ક

(૪) શિક્ષણ વિભાગનો તા. ૨૧/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક (પાર્ટ-૧)

(૫) ગૃહ વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૨નો હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

આમુખ:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૪) ના ઠરાવ/પરિપત્રોથી રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે અન્વયે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ (ભૌતિક સ્વરૂપે ) તેમજ ઓનલાઇન પદ્ધતિથી શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે.

રાજ્યમાં કોવિડ-૧૯ના કેસો વધવાના કારણે પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે સતત ચિંતિત સંવેદનશીલ સરકાર દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં હાલમાં ઓનલાઇન/ઓફ લાઇન શિક્ષણકાર્ય સંબંધેની સૂચનાઓ ઉપર પુન: વિચારણા કરી, પ્રત્યક્ષ શિક્ષણકાર્યને સ્થાને માત્ર ઓનલાઇન પદ્ધતિથી શિક્ષણકાર્ય ચાલુ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૮ ના વર્ગો તેમજ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ ના વર્ગો માટે તારીખ ૦૮/૦૧/૨૦૨૨, શનિવારથી તારીખ ૩૧/૦૧/૨૦૨૨ સુધી ભૌતિક રીતે/પ્રત્યક્ષ રીતે શૈક્ષણિક કાર્ય (Offline Education) બંધ કરવાનો અને માત્ર ઓનલાઇન પદ્ધતિથી શિક્ષણકાર્ય ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવે છે.

રાજ્યની તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે હાલમાં ચાલુ પદ્ધતિ મુજબ ઓફ લાઇન અને ઓન લાઇન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાનું રહેશે. જો કે, આ માટે હાજરી આપવી વિદ્યાર્થી માટે મરજિયાત રહેશે તથા તે માટે સંબંધિત સંસ્થા/પ્રાથમિક શાળાએ વિદ્યાર્થીના વાલી પાસેથી આ સાથે સામેલ નમૂનામાં લેખિત સંમતિપત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ વર્ગમાં



P.T.O.

ભૌતિક હાજરીથી પ્રત્યક્ષ રીતે ન જોડાઈ શકે તે વિદ્યાર્થીઓ માટે શાળાઓ દ્વારા ONLINE અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે.

સરકારશ્રી દ્વારા કોવિડ-૧૯ સંબંધે પ્રસિદ્ધ કરવામાં આવતી વખતો વખતની SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

B.N.Eda

(ભાવેશ એરડા)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ : વાલી/માતા-પિતાના સંમતિપત્રનો નમુનો

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રદ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોકનં. ૪, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ /મ્યુનિસીપલ કમિશનરશ્રીઓ/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ શાસનાધિકારીશ્રીઓ
  *(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)*

જા.નં./મકમ/SOP/૨૦૨૨/૨૭૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૮/૦૧/૨૦૨૨

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
કચેરી હસ્તક આવેલ સરકારી,ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

-/ઉક્ત પત્રથી જાણ તથા તેનો અમલ કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિલ્લો સુરત

વાલી/માતા-પિતાનું નામ

..............................................

સરનામું..........................................

..............................................

મોબાઇલ/સંપર્ક નં:..........................

તા. ................

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,
શાળાનું નામ ....................................
સરનામું..........................................................
તાલુકો............ જિલ્લો.................

**વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબતે**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇને સરકારશ્રી વ્દારા નિયત કરવામાં આવેલ S.O.P. (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવાનો સરકારશ્રી વ્દારા નિર્ણય કરવામાં આવેલ છે. મારો પુત્ર/પુત્રી/પાલ્ય (વિદ્યાર્થીનું નામ) ........................................................................ આપની શાળામાં ધોરણ.......... માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતા-પિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા માટેની હું સંમતિ આપુ છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી વ્દારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઇડલાઇન્સનુ પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપુ છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં ફેસ માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઇને આવે અને અન્ય કોઇ સાથે તેની આપ-લે ન કરે તે બાબતમાં અમોએ અમારા પાલ્યને જરૂરી સમજ આપેલ છે. મારા પરિવારમાં જો કોઇ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો અથવા મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં મોકલીશ નહિ તે બાબતની હું ખાતરી આપુ છું.

આપનો વિશ્વાસુ,

.....સહી.....

( )
વાલીનુ નામ